બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૧૦૦

# ઉકેલપત્ર : સત્સંગ પ્રારંભ

(સમય : સવારે ૯ થી ૧૨) (રવિવાર, ૭ માર્ચ, ૨૦૧૦)

**નોંધ :- (૧) આપેલ આવૃત્તિ પ્રમાણેના પુસ્તકના જવાબ જ માન્ય રાખવા. તે સિવાયની આવૃત્તિના જવાબ માન્ય ન રાખવા.**
**(૨) જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**
**(૩) જમણી બાજુએ જવાબની બાજુમાં કૌંસમાં આપેલા અંકો જે તે પ્રશ્નના જવાબના પાઠ/પાના નંબર દર્શાવે છે.**

**(વિભાગ - ૧ ઘનશ્યામ ચરિત્ર, ત્રેવીસમી આવૃત્તિ - ડિસેમ્બર, ૨૦૦૮)**

**પ્ર.૧ નીચે આપેલા અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➪ માછીમાર - ઘનશ્યામને (૧૩/૨૧)
➪ ઘનશ્યામે માછીમારને યમપુરી અને નરકનાં દુ:ખો દેખાડ્યાં, દૂતો આગળ મેથીપાક ખવડાવ્યો. માર ખાઈ ખાઈને હાડકાં ખોખરાં થઈ ગયાં ત્યારે માછીમાર ઘનશ્યામને કહે છે.

૨. ➪ કંદોઈ - ધર્મપિતાને (૨૨/૩૭)
➪ દુકાનમાં મીઠાઈ બધી ટોપલામાં અકબંધ હતી. તે જોઈને આશ્ચર્યચકિત થયેલો કંદોઈ કહે છે.

૩. ➪ ભક્તિમાતા - લક્ષ્મીબાઈને (૩૦/૫૩)
➪ લક્ષ્મીબાઈએ ભક્તિમાતાને ફરિયાદ કરી કે તમારો ઘનશ્યામ છાનામાના આવી મારા ઘરમાંથી ઘી, દૂધ, દહીં, માખણ, વગેરે ખાઈ જાય છે. મારા પુત્રને પણ ચોરી કરતાં શીખવે છે ત્યારે.

**પ્ર.૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહિ.**

૧. ઘનશ્યામના ડાબા પગમાં ત્રિકોણ, કળશ, ગોપદ, ધનુષ, મીન, અર્ધચંદ્ર, અને વ્યોમ એવાં સાત ચિહ્નો હતાં. (૨૪/૪૧)
૨. મને ગોળ ખાવા આપો તો કાન વીંધાવીશ. (૬/૯)
૩. તપ, ત્યાગ, યોગ, ધર્મ, નીતિ, સત્ય, વિવેક, બધા જ ગુણો હોવાથી બાળપ્રભુ નીલકંઠ નામે જાણીતા થશે. (૪/૭)
૪. ઘનશ્યામ રોજ સવારે ચાર વાગે ઊઠી જતા. (૪૨/૭૫)

**પ્ર.૩ નીચે આપેલા ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. **બાળપ્રભુનું પરાક્રમ :** **હનુમાનજી**એ બધી **કૃત્યા**ઓના **ચોટલા** પોતાના **પૂંછડા** સાથે બાંધી **જોર જોરથી કૃત્યાઓને જમીન** સાથે પછાડવા **માંડી**. (૨/૩)

૨. **ખીચડીને બદલે દૂધપાક :** **ગોમતી** ગાયના **આંચળ નીચે ઘનશ્યામે પવાલું ધર્યું** તો **આંચળમાંથી દૂધ**ની ધારા નીકળી ને **પવાલું** ભરાઈ **ગયું**. (૯/૧૩)

૩. **પાણી ઉપર ચાલ્યા :** **છપૈયા**માં એક દિવસ **બપોરે ઘનશ્યામ ઈચ્છારામ**ને લઈને **મીન** સરોવરમાં નાહીને **આમલી-પીપળી** રમતાં રમતાં **સાંજ** થઈને **વરસાદ પડવો** શરૂ **થયો**. (૩૮/૬૭)

૪. **ઘનશ્યામને જનોઈ આપી :** **ઘનશ્યામે વિચાર કર્યો** કે મારે તો **અનંત જીવોનું કલ્યાણ કરવું** છે, માટે એવો **દોડીશ** કે સીધો **હિમાલયના વનમાં** પહોંચી જઈશ **મામા** પકડી શકે જ નહિ. (૩૨/૫૮)

**પ્ર.૪** ‘વાળંદને ચમત્કાર’ (૧૦/૧૫) **- પ્રસંગના ફક્ત મુખ્ય પાંચ મુદ્દા (વાક્યના સ્વરૂપમાં) લખો.**
**(સળંગ વર્ણન કરવાનું નથી) (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- આ પ્રમાણે જ વાક્ય લખ્યાં હોય તેવું જરૂરી નથી. પરીક્ષાર્થીઓએ પોતાની રીતે મુખ્ય પાંચ વાક્યો લખ્યાં હોય અને પ્રસંગ પૂર્ણ થતો હોય તો ગુણ આપવા જ.**

૧. ધર્મપિતાએ ઘનશ્યામનાં વાળ ઉતરાવવા અમઈ વાળંદને બોલાવ્યો.
૨. અમઈ અસ્ત્રો કાઢીને ઘનશ્યામનાં વાળ ઉતારવા લાગ્યો.
૩. અડધી હજામતે ઘનશ્યામ અદૃશ્ય થઈ ગયા.
૪. વાળંદને ફરીથી ઘનશ્યામ દેખાયા.
૫. તેણે નક્કી કર્યું કે આ બાળક ભગવાન છે.

**પ્ર.૫ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૮)**

> ☞ **નોંધ :- એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. ફક્ત તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ૩ (૧૫/૨૩)　　૨. ૧, ૨ (૪૩/૭૬)　　૩. ૨, ૪ (૩૫/૬૨)　　૪. ૧ (૧૧/૧૬)

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. ઘનશ્યામે મોહનદાસને યમપુરીમાં માર ખવડાવ્યો. (૩૧/૫૬)

જ. એકાદશીના વ્રત માટે મોહનદાસ બાવો લોકોને ખોટો ઉપદેશ આપી અવળે માર્ગે ચઢાવતો હતો. તેથી તેને સાચી શિખામણ આપી તો માની નહિ. આથી ઘનશ્યામે મોહનદાસને યમપુરીમાં માર ખવડાવ્યો.

૨. સત્તાવીશ મલ્લ રોવા લાગ્યા. (૪૫/૮૦)

જ. મલ્લોએ ઘનશ્યામને ચારેબાજુથી ઘેરી લીધા. તેથી ઘનશ્યામ મલ્લો સાથે કુસ્તીમાં ઊતરી પડ્યા. બધાનાં હાડકાં ખોખરાં કરી નાખ્યાં. કોઈ ઊભા થઈ શક્યા નહિ. તેથી મલ્લ રોવા લાગ્યા.

૩. ઘનશ્યામે ભૂતોને બદરિકાશ્રમમાં મોકલ્યાં. (૨૦/૩૨)

જ. કૂવામાં રહેલા ભૂતોએ પોતાની આખી વાત ઘનશ્યામને કરી. પોતાની ભૂલો માટે માફી માગી. પાપ નાશ કરી ઉદ્ધાર કરવાની વિનંતી કરી. ઘનશ્યામે વિનંતી સ્વીકારી ભૂતોને બદરિકાશ્રમમાં મોકલ્યાં.

**(વિભાગ - ૨ યોગીજી મહારાજ, સોળમી આવૃત્તિ - માર્ચ, ૨૦૦૮)**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

> ☞ **નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➪ કુબેરભાઈ - શાસ્ત્રીજી મહારાજને (૧૯/૨૭)

➪ જળઝીલણી એકાદશીના સમૈયામાં ભાવનગરથી આવેલા કુબેરભાઈ શાસ્ત્રીજી મહારાજને વિનંતી કરતાં કહે છે.

૨. ➪ યોગીજી મહારાજ - હરિકૃષ્ણ મહારાજને (૨૦/૨૯,૩૦)

➪ સારંગપુરથી ગઢડા જતાં રસ્તામાં ઠાકોરજીને સમયસર ધરાવવા માટે જળ મળ્યું નહિ. તેથી ઠાકોરજીને વિનંતી કરતાં યોગીજી મહારાજ કહે છે.

૩. ➪ ઝીણાભાઈ - કૃષ્ણચરણદાસ સ્વામીને (૭/૧૦)

➪ કૃષ્ણચરણદાસ સ્વામી ઝીણાભાઈને સાધુ થવા માટે પૂછે છે ત્યારે કહે છે.

**પ્ર.૮ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)**

> ☞ **નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહિ.**

૧. યોગીજી મહારાજનો જન્મ સંવત ૧૯૪૮ના વૈશાખ વદિ બારશને દિવસે ધારીમાં થયો હતો. (૧/૧)

૨. શાસ્ત્રીજી મહારાજ અને ઝીણા ભગતનું પ્રથમ મિલન રાજકોટમાં કૃષ્ણજી અદાને ઘેર થયું હતું. (૧૦/૧૩)

૩. સંવત ૨૦૦૭ વૈશાખ સુદ દશમને દિવસે ગઢડામાં મૂર્તિપ્રતિષ્ઠા થઈ. (૨૪/૩૫)

૪. પ્રમુખસ્વામી મારું સર્વસ્વ છે. તમને સૌને હવે તેમના દ્વારા સુખ મળશે. (૩૩/૫૦)

**પ્ર.૯ નીચે આપેલ વિષય તથા સૂચના મુજબ છ સાચા ક્રમ નંબર તથા તે સાચા ક્રમ નંબરને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો. (કુલ ગુણ : ૬)**

**વિષય : સાચા સાધુ (૧૭/૨૪)**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **ફક્ત સાચા નંબરો** | ૨ | ૪ | ૬ | ૮ | ૧૦ | ૧૨ |
| **યથાર્થ ઘટનાક્રમ** | ૧૦ | ૪ | ૨ | ૮ | ૧૨ | ૬ |

**સૂચના : તમામ છ નંબરો સાચા હશે તો જ ૩ ગુણ મળશે. ઘટનાક્રમ પણ સંપૂર્ણ સાચો હશે તો જ ૩ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

> નોંધ : (૧) ફક્ત સાચા નંબરોઃ જવાબમાં આપેલ અંક કોઈપણ ક્રમમાં લખેલ હોય પણ તમામ અંક સાચા હોય તો જ સંપૂર્ણ ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવા. (૨) યથાર્થ ઘટનાક્રમઃ ઘટનાક્રમ ઉકેલપત્ર પ્રમાણે હોય તો જ સંપૂર્ણ સાચુ ગણી ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવા.

**પ્ર.૧૦** 'યુવક મંડળો અને સત્સંગ સભા' (૨૫/૩૫-૩૬) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

અઠવાડિક સત્સંગ સભાની પ્રવૃત્તિ યોગીજી મહારાજે ઘણા સમયથી શરૂ કરી હતી, પણ સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજના અંતર્ધાન થયા બાદ યોગીજી મહારાજે એ પ્રવૃત્તિને ખૂબ વેગ આપ્યો. ધીરે ધીરે યુવક મંડળની પ્રવૃત્તિ શરૂ કરી. શરૂઆતમાં

બહુ થોડા યુવકો ભેગા થાય. યુવકો ઘણી વાર હતાશ થઈ જાય. છતાં સ્વામીશ્રી હેતથી કહે : 'આજ્ઞા પાળવામાં સુખ છે. તમારું યુવક મંડળ ઘણું વધી જશે. માટે હિંમત રાખવી. નવા નવા યુવકમિત્રોને યુવક મંડળમાં લઈ આવવા, કથાવાર્તા કરવી, આપણી વાત સમજાવવી તો મહારાજની દયાથી યુવકો ઘણા વધશે.'

કોઈ ઠેકાણે યુવક મંડળ બંધ પડી ગયું હોય તો ફરીથી ચાલુ કરાવે. આમ, યોગીજી મહારાજ જે ગામમાં કે શહેરમાં જાય ત્યાં યુવક મંડળો સ્થાપે. તેની નોંધ રાખે. તેમને નિયમિત પત્રો લખી બળ આપે. આમ, જોતજોતામાં ભારતમાં સેંકડો યુવક મંડળો સ્થપાઈ ગયાં. વળી નાનાં બાળકોને સત્સંગનું જ્ઞાન મળે, તે માટે ઠેર ઠેર બાળ મંડળો સ્થાપ્યાં. યોગીજી મહારાજ ઘણી વાર કહેતા : 'પચ્ચીસ હજાર રૂપિયા મળતા હોય, તો પણ તે જતા કરીને યુવક મંડળની - સત્સંગ મંડળની સભામાં જવું. આપણે એકલા દરેકને ઘરે મળવા ન જઈ શકીએ, પણ સત્સંગ સભામાં જઈએ એટલે એકીસાથે દરેક હરિભક્તનાં દર્શન થાય. દરેક યુવકને મળાય તેમ જ જ્ઞાન શીખવા મળે. વળી સભામાં શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી અને શાસ્ત્રીજી મહારાજ દિવ્ય રૂપે વિરાજતા હોય છે. માટે સત્સંગ સભા તો ચૂકવી જ નહિ.' યોગીજી મહારાજ યુવકોની દરેક પ્રવૃત્તિમાં રસ લે. પ્રવચનો, યોગનાં આસનો, બૅન્ડ, સંવાદ, રાસ, ભજન, કીર્તનો - યુવકો જે કાંઈ તેમની સમક્ષ રજૂ કરે તેને ધ્યાનપૂર્વક નિહાળે. તેમને આશીર્વાદ આપે તેમજ યુવકોએ તૈયાર કરેલા હસ્તલિખિત અંકો પણ વંચાવે અને ધ્યાનપૂર્વક સાંભળે. યોગીજી મહારાજ તો કહેતા કે 'હસ્તલિખિત અંક દર ત્રણ મહિને કાઢવો.' માટે આપણે સૌએ પણ યુવક મંડળની સભામાં અવશ્ય જવું. તેમાં યોગીજી મહારાજનો રાજીપો છે.

**પ્ર.૧૧ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. સરકારી ડૉક્ટર શાસ્ત્રીજી મહારાજના પગમાં પડી ગયા. (૨૧/૩૧)

જ. યોગીજી મહારાજને ઝેરી નાગ કરડ્યો ત્યારે શાસ્ત્રીજી મહારાજે તેમને અક્ષરદેરીમાં સુવાડી કહ્યું, 'સ્વામિનારાયણની ધૂન કરો. સ્વામિનારાયણ નામથી કાળા નાગનું ઝેર પણ ઊતરી જશે.' બરાબર બાર કલાકે ઝેર ઊતરી ગયું. તે જોઈને આશ્ચર્યચક્તિ સરકારી ડૉક્ટર શાસ્ત્રીજી મહારાજના પગમાં પડી ગયા.

૨. હરગોવિંદભાઈ નાના સાધુના ચરણોમાં પડી ગયા. (૧૪/૨૧)

જ. વિજ્ઞાનદાસ સ્વામીએ યોગીજી મહારાજને જમતા ઉઠાડી મૂક્યા તે જોઈ હરગોવિંદદાસે ખાનગીમાં યોગીજી મહારાજને પૂછ્યું : 'આટલું બધું કેમ સહન કરો છો ?' ત્યારે યોગીજી મહારાજે કહ્યું : 'ગુરુ ઠપકો આપે તે આપણા સારે માટે જ હોય. શિક્ષા વિના ખટકો ન રહે. શિક્ષાથી આપણી ભૂલ સુધરે.' આ સાંભળી હરગોવિંદભાઈ નાના સાધુનાં ચરણોમાં પડી ગયા.

૩. બધા બાળકો બોલી ઊઠ્યા, ''હા, સાહેબ ! હેડમાસ્તરે જ ચંદુને માર્યો છે.'' (૩/૪)

જ. ઝીણાભાઈએ હેડમાસ્તરની જરાય બીક રાખ્યા વગર વડા અધિકારીને સાચી વાત કરી પછી બધાં બાળકોમાં હિંમત આવી અને બોલી ઊઠ્યા, ''હા સાહેબ ! હેડમાસ્તરે જ ચંદુને માર્યો છે.''

**(વિભાગ - ૩ કિશોર સત્સંગ પ્રારંભ, સોળમી આવૃત્તિ - માર્ચ, ૨૦૦૮)**

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબના ગુણ આપવા નહિ.**

૧. બહારનું અને હૉટલનું ખાવાનું ગંદુ અને અપવિત્ર હોવાથી ખરાબ સંસ્કાર પડે છે. (૧૮/૪૦)

૨. નાથ ભક્તના દીકરાનું નામ પ્રભુદાસ હતું. (૨૦/૪૫)

૩. જોધા ભરવાડની ભક્તિ વ્રજના ગોપ જેવી હતી. (૧૩/૨૫)

૪. લડાઈમાં ભગુજીને અઢાર ઘા વાગ્યા. (૧૦/૧૮)

**પ્ર.૧૩ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✓) નિશાની કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. ફક્ત તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧.** ૨, ૪ (૮/૧૪)    **૨.** ૧, ૩ (૨૨/૪૮)    **૩.** ૩, ૪ (૨/૨)    **૪.** ૨, ૪ (૫/૮)

**પ્ર.૧૪ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૪)**

**૧.** સથવારા, **હિન્દીમાં રાજ** (૨૨/૪૭)    **૨.** કાલવાણી (૯/૧૫)    **૩.** ચાર (૧૨/૨૧)    **૪.** ૧૮૬૬ (૧૫/૨૯)

**પ્ર.૧૫ નીચે આપેલા કીર્તન / અષ્ટક / શ્લોકની ખૂટતી કડીઓ પૂરી કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- કીર્તન /અષ્ટક / શ્લોક અડધા સાચા હોય તો એક (૧) ગુણ આપવો.**

૧. મૂળ અક્ષર એ બ્રહ્મ અનાદિ, ગુણાતીતાનંદ ,
જય જય ગુણાતીતાનંદ ... જય જય ૦

પુરુષોત્તમ પરબ્રહ્મ પરાત્પર, શ્રી હરિ સહજાનંદ;
જય જય શ્રી હરિ સહજાનંદ ..... (૨૩/૫૦)

૨. કરી કાઠા ઘઉંની પોળી, મેલી ઘૃત સાકરમાં બોળી,
કાઢ્યો રસ કેરીનો ઘોળી ... જમો થાળ૦
ગળ્યા સાટા ઘેબર ફૂલવડી, દૂધપાક માલપૂઆ કઢી,
પૂરી પોચી થઈ છે ઘીમાં ચઢી ... (૧૨/૨૨)

૩. શોભો સાધુગુણે સદા સરળ ને જક્તે અનાસક્ત છો,
શાસ્ત્રીજી ગુરુ યોગીજી ઉભયની કૃપાતણું પાત્ર છો;
ધારી ધર્મધુરા સમુદ્ર સરખાં ગંભીર જ્ઞાને જ છો,
નારાયણસ્વરૂપદાસ ગુણીને સ્નેહે જ વંદું અહો ! (૯/૧૮)

૪. પ્રગટ હરિ ગુરુ દર્શન આપો, પ્રભુ તવ નામના જપીએ જાપો
તવ મૂર્તિ નિત્ય હૃદયે ધારી .... શ્રી હરિ૦
સદ્‌બુદ્ધિ સદ્‌ગુણ પ્રભુ આપો, અભય કર મુજ શિર પર સ્થાપો,
વિઘ્ન સકળને સદ્ય વિદારી ...... (૩/૪)

**પ્ર.૧૬** 'કોઈ ભગવાન સંભારે ........' - **'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ કરો. (પંદરેક લીટીમાં) (કુલ ગુણ : ૫)**

> ☞ **નોંધ :- સ્વામીની વાત પૂરી લખી હોય તો - ૧ ગુણ, નિરુપણના - ૪ ગુણ.**

**'કોઈ ભગવાન સંભારે તેની સેવા મારે કરાવવી ને તેના લૂગડાં મારે ધોવરાવવા ને તેને મારે બેઠાં ખાવા દેવું.'** (૧૬/૩૨-૩૩)
જે માણસ ભગવાન ભજે છે તેની બધી ચિંતા ભગવાન માથે લઈ લે છે. કોઈ આખો દિવસ ભગવાન ભજે તો તેને ખાવા-પીવાનું તથા કપડાં પણ ભગવાન આપે પણ ભગવાનમાં વિશ્વાસ હોવો જોઈએ. ચલાળાના મંદિરમાં ગુણાતીતાનંદ સ્વામીના શિષ્ય બાળમુકુંદ સ્વામી આ વાત બોલ્યા. ત્યારે કેટલાક શિષ્યો કહે 'આપણે રસોઈ ન બનાવીએ ને બેઠાં બેઠાં ભજન કર્યા કરીએ તો કાંઈ જમવા મળે ? ભગવાન કાંઈ જમવાનું આપી જાય ? માટે આ વાત સાચી લાગતી નથી. બાળમુકુંદ સ્વામી કહે આ વાત સાચી જ છે. આપણે સૌ ભજન કરીએ તો ભગવાન ખાવા આપે જ. ચાલો, સૌ ભજન કરવા માંડીએ, કોઈ શંકા ન કરશો. આ વાત સાચી જ છે માટે ભગવાન ખાવા આપશે જ. સવારથી સૌ ભજન કરવા બેસી ગયા. અગિયાર, સાડા અગિયાર થયા, કેટલાકને શંકા થઈ. સ્વામી કહે કે કોઈ મૂંઝાશો નહિ. ભજન કરવા માંડજો. બરાબર બાર વાગ્યે એક હરિભક્ત ગાંઠિયા, ગોળપાપડી, લાડુ વગેરે લઈ આવ્યાને સ્વામીને કહે : 'આ ચોખ્ખો નાસ્તો છે તેથી ભગવાનને ધરાવીને સંતોને જમાડો. સ્વામીએ સંતોને ગુણાતીતાનંદ સ્વામીની કહેલી વાત સાચી જ છે તેની પ્રતીતિ કરાવી. નાસ્તો લાવનાર હરિભક્ત પોતાના દીકરાની જાન લઈને અમરેલી જતા હતા. જમવાનો સમય થઈ ગયેલ હોવાથી જમવાની તૈયારી કરતા હતા ત્યાં ખબર પડી કે બાળમુકુંદ સ્વામી અહીં મંદિરમાં છે તેથી સંતોને જમાડવા નાસ્તો લાવ્યા હતા. આમ શ્રદ્ધા અને વિશ્વાસ રાખી નિઃશક થઈને ભજન કર્યું તો ભગવાને જમવાનું મોકલ્યું. આમ વિશ્વાસથી, શ્રદ્ધાથી ભજન કરીએ તો ખૂબ લાભ થાય.

**પ્ર.૧૭** 'ગંગામા' (૭/૧૧) - **પ્રસંગના ફક્ત મુખ્ય પાંચ મુદા (વાક્યના સ્વરૂપમાં) લખો. (સળંગ વર્ણન કરવાનું નથી) (કુલ ગુણ : ૫)**

> ☞ **નોંધ :- આ પ્રમાણે જ વાક્ય લખ્યાં હોય તેવું જરૂરી નથી. પરીક્ષાર્થીઓએ પોતાની રીતે મુખ્ય પાંચ વાક્યો લખ્યાં હોય અને પ્રસંગ પૂર્ણ થતો હોય તો ગુણ આપવા જ.**

૧. જેતલપુરમાં આત્માનંદ સ્વામીના શિષ્ય ગંગામા શ્રીજીમહારાજને 'આવો ભત્રીજા, દીકરા ! પધારો' કહેતા.
૨. રામાનંદ સ્વામીએ ગંગામાને સ્વપ્નમાં દર્શન દઈને શ્રીજીમહારાજનું સ્વરૂપ ઓળખાવી, પોતાના ગાદી-તકિયે બેસાડી માફી માગવાની વાત કરી.
૩. ગંગામાએ શ્રીજીમહારાજને ગાદી-તકિયે બેસવા કહ્યું ત્યારે મહારાજે કહ્યું 'મને ભત્રીજા, દીકરા' કહીને બોલાવો તો જ ગાદીએ બેસીએ.
૪. ગંગામાએ કહ્યું રામાનંદ સ્વામીએ દર્શન દઈને જ્ઞાન આપ્યું છે તો આપ કૃપા કરી મારા બધા ગુના માફ કરો. ગંગામાને મહારાજનો ખરેખરો નિશ્ચય થયો હતો.
૫. ગંગામા ટોપલામાં સીધું-સામાન અને સળગતી સગડી માથે રાખીને ફરતાં તેમાં દાળભાત ચડતાં હોય. મહારાજ તેમનાં દાળભાત વખાણતાં.

❑ ❑ ❑